**Shri Govind Guru University, Godhra**
(Established Vide Gujarat Act No. 24/2015)
**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા**
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
મુ.: વિંઝોલ, પો.: કાંકણપુર, તા.: ગોધરા, જિ.: પંચમહાલ-૩૮૮૭૧૩.

નં:એસજીજીયુ/વહીવટ/૨૦૨૩/૮૦૬૩ તા.૨૫/૧૦/૨૦૨૩

પરિપત્ર-૩૨૦૦

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્નાતક/અનુસ્નાતક કોલેજોના આચાર્યશ્રીઓ/ઇન્ચાર્જશ્રીઓને અને ભવનોના અધ્યક્ષશ્રી/ કોઓર્ડીનેટરશ્રીઓને જણાવવાનું કે તા.૨૬/૧૦/૨૦૨૩ના રોજ "વેસ્ટ ઝોન વાઈસ ચાન્સેલર્સ કોન્ફરન્સ ઓન ઈમ્પલીમેન્ટેશન ઓફ NEP-૨૦૨૦"નું જીવંત પ્રસારણ સવારે ૯:૩૦ કલાક થી સાંજના ૫:૩૦ કલાક જોઈ શકાશે. આ શિક્ષણ સમિટનું ઉદ્દઘાટન માન. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાનની ઉપસ્થિતિમાં થશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિના ગુજરાત રાજ્યમાં અસરકારક અમલીકરણ થાય તે હેતુથી ગુજરાત રાજ્યની તમામ યુનિવર્સિટીઓ અને કોલેજોના તમામ અધ્યાપકગણ તેમજ વિદ્યાર્થીઓને તા.૨૬/૧૦/૨૦૨૩ના રોજ આપની સંસ્થા કોલેજના તમામ અધ્યાપકગણ અને વિદ્યાર્થીઓ આ સંમેલનનું જીવંતપ્રસારણ નીચેની લિંકથી નિહાળી શકશે. જીવંત પ્રસારણ અર્થે આપે કરેલ જરૂરી વ્યવસ્થા તેમજ આપે કરેલ કામગીરીની વિગત દિન ૩ માં COGENT લિંક http://auth.gujgov.edu.in પર login કરી ભરવાની રહેશે તથા આ અંગેનો અહેવાલ યુનિવર્સિટી ખાતે cs@sggu.ac.in પર અને હાર્ડકોપીમાં મોકલી આપવાનો રહેશે.

- **YouTube Live:** https://www.youtube.com/@EDUCATIONDEPARTMENTGUJARAT/
- **Web Live:** https://conferencewz.gujgov.edu.in
- **X(Twitter):** https://x.com/educationgujgov/status/1714299177038229687?s=46&t=g119qVTgWxEpZ3bF6S-E1A
- **Instagram** Live: https://instagram.com/educationgujgov?igshid=NzZlODBkYWE4Ng%3D%3D&utm_source=qr

-Sd-
કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
વિંઝોલ, ગોધરા

બિડાણ- ઉપર મુજબ
પ્રતિ,
- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્નાતક/અનુસ્નાતક કોલેજોના આચાર્યશ્રીઓ/ઇન્ચાર્જશ્રીઓ અને ભવનોના અધ્યક્ષશ્રી/ કોઓર્ડીનેટરશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

CHE/VCCON/2023-24/013

પી. બી. પંડ્યા, આઇ.એ.એસ.
નિયામક

કમિશનર, ઉચ્ચ શિક્ષણની કચેરી
બ્લોક નં. ૧૨, બીજો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.
તારીખ : 20/10/2023

પ્રતિ,
(૧) યુનિવર્સિટીઓ (તમામ), ગુજરાત રાજ્ય
(૨) સરકારી કોલેજો (તમામ), ગુજરાત રાજ્ય
(૩) બિનસરકારી અનુદાનિત (તમામ), ગુજરાત રાજ્ય.

વિષય:- તા. ૨૬/૧૦/૨૦૨૩ ના રોજ સવારે ૦૯:૩૦ કલાક થી ૦૫:૩૦ સુધી "વેસ્ટર્ન ઝોન વાઇસ ચાન્સલર્સ કોન્ફરન્સ ઓન ઇમ્પ્લીમેન્ટેશન ઓફ NEP-2020"નું લાઇવ પ્રસારણ જોવા બાબત

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦નું સમગ્ર ભારતમાં અમલીકરણ શરુ થયેલ છે. વિદ્યાર્થીલક્ષી આ નીતિ શિક્ષણ સમુદાય સુધી સંપૂર્ણ રીતે પહોંચે અને તેનો લાભ પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીગણ લઇ શકે તે ઉદ્દેશ્યથી કેવડીયા કોલોની ખાતે તા. ૨૬ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ એક શૈક્ષણિક સમિટનું આયોજન શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવેલ છે. ભારતના પશ્ચિમ ક્ષેત્રની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ "**વેસ્ટર્ન ઝોન વાઇસ ચાન્સલર્સ કોન્ફરન્સ ઓન ઇમ્પ્લીમેન્ટેશન ઓફ NEP-2020**" ની એક દિવસીય શિક્ષણ સમિટમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ ના વિવિધ પાસાઓ અંગે ચર્ચા અને વિચાર-વિમર્શ કરનાર છે.

આ શિક્ષણ સમિટનું ઉદ્દ્ઘાટન માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાનની ઉપસ્થિતિમાં થશે. ગુજરાત સરકારના ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ વિભાગના શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલ, રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલભાઇ પાનશેરિયા, ભારત સરકારના UGC ના ચેરમેન પ્રો. એમ. જગદેશકુમાર, ભારત સરકારના AICTE ના ચેરમેન પ્રો. ટી.જી. સીતારામન આ સંમેલન માં સહભાગી થશે. જેમાં ભારતની વિવિધ પ્રસિદ્દ સંસ્થાઓના રાષ્ટ્રીય શિક્ષણ નીતિ વિષયના તજજ્ઞો દ્વારા NEP-૨૦૨૦ ના મુખ્ય આયામો પર ચર્ચા કરશે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિના ગુજરાત રાજ્યમાં અસરકારક અમલીકરણ થાય તે હેતુથી ગુજરાત રાજ્યની તમામ યુનિવર્સીટીઓ અને કોલેજોના તમામ અધ્યાપકગણ તેમજ વિદ્યાર્થીઓને તા. ૨૬ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ સવારે ૦૯:૩૦ કલાક થી ૦૫:૩૦ સુધી આ સંમેલનનું લાઇવ ટેલિકાસ્ટ જોઇ શકે તે માટેની લિંક નીચે મુજબ છે.

- YouTube Live: https://www.youtube.com/@EDUCATIONDEPARTMENTGUJARAT/
- Web Live: https://conferencewz.gujgov.edu.in
- X (Twitter): https://x.com/educationgujgov/status/1714299177038229687?s=46&t=g119qVTgWxEpZ3bF6S-E1A
- Instagram Live: https://instagram.com/educationgujgov?igshid=NzZlODBkYWE4Ng%3D%3D&utm_source=qr

આ ઉપરાંત આ સમિટનું લાઇવ ટેલિકાસ્ટ ગુંજરત સરકારના 'વંદે ગુજરાત' ચેનલ પર પણ જોઇ શકાશે.

તમામ યુનિવર્સીટી તેમજ કોલેજોને આ લાઇવ ટેલિકાસ્ટ અર્થે જરૂરી વ્યવસ્થા ગોઠવવા આ સાથે જણાવવામાં આવે છે.તેમજ આ અંગે કરેલ કામગીરીની વિગત દિન ૩ માં નીચે મુજબ આપેલ લિંક મારફતે COGENT પોર્ટલમાં login કરી ભરવાની રહેશે.

- Link: https://auth.gujgov.edu.in

નિયામક
ઉચ્ચ શિક્ષણ
ગુ.રા., ગાંધીનગર

ફોન : +૯૧-૭૯-૨૩૨૫૪૦૦૦, +૯૧-૭૯-૨૩૨૫૨૨૪૦, ઈ-મેઇલ : commi-highedu@gujarat.gov.in

Scanned with OKEN Scanner